રજીસ્ટર

પુસ્તક નામે

અક્કલનું પડીકું

ઉર્ફે [નંબર ૧]

શીખામણની સોટી.

રચી છપાવી પ્રસીદ્ધ કર્ત્તા

કોમીક પોયેટ ઉર્ફે સવ કવી

અંબાલાલ પ્રભાદજી—નીવાસી નડીયાદ.

હાલ મુકામ કાલોલ જીલ્લે પંચમહાલ.

સંવત ૧૯૭૪ પ્રત ૨૦૦૦ આવૃત્તિ ૧ સને ૧૯૧૮

દોહરા

સમજો તો છે સજ્જનો, અક્કલ આ અણમોલ,
ના સમજો તો જાણજો, ડોકયું ઠાલી ઢોલ;
આન્લી આનો એક છે. પ્રાઇસ ઓફ ધીસ પ્રત,
વાંચીને વીસ્મય થશો, આ સવ કવીનું કૃત.

કીમ્મત નથીન્ગ

મોંઘવારીનો માત્ર ૧ આનો

નડીઆદ—ધી 'શારદા વિજય' પ્રિન્ટીંગ પ્રેસમાં
શા. હરજીવનદાસ અમરસીએ છાપી—ઠે. સાંથ પીપળી.

અર્પણ પત્રીકા.

હતો ભુતકાળમાં હું ને ભવિષે છું સદા કાયમ
સનાતન સુદ્ધ અવનીમાં પ્રકાસું સુર્ય સમ હરદમ
તપુછું અગ્નીમાં હું ને, વિહરતો વ્યોમ પાતાળે
ઝળકતો વીજળી પેરે, અનંત શકિતને આધારે
બધે છું હું બધામાં છું વહુ છું વાયુના જોરે
ધરીને જન્મ બાળકના રમું છું માતને ખોળે
ધરીને સ્વાંગ રૂપાળા નીરાળા ખેલ હું ખેલું
તરૂવર પહાડમાં હું ને નદીમાં નીર થઈ રેલું
અમર હું એકલો વેદાન્તના શીધાન્ત આધારે
સમરપું મારી પોથી હું પડીને ચર્ણમાં મારે.

કર્તા-આઈ. એમ. પોતે કોમીક પોયેટ ઉર્ફે રાવ કવી.

સરવે હક્ક સ્વાધીન પણ, પર આધીન આ પ્રાણ,
એ પર આધીન સ્વાધીન કરો, તો જીવ્યું પરમાણ.

બાઇ તું તે ચા દેવી કે અમારી મહાદેવી ?



પીનારનો પોકાર—કવાલી ગરમ લાય જેવી.

રાગ ઉનાળાની લુ જેવો

અરે ચંડાલણી ઓ ચા, હવે તું હીન્દમાંથી જા;
અમારી સાવકી માતા, હવે તું હીન્દમાંથી જા.
કર્યું તેં ખુનનું પાણી, કરી નીરમાલ્ય આ કાયા,
ફસાયા કંઇક ફંદામાં, દીવાનાને વળી ડાહ્યા;
અઢારે વરણને વળગી, વટાળ્યો દેશ ને દુનીયાં,
ગુણો તારા છે ગોઝારા, હવે તું હીન્દમાંથી જા.
ચઢાવ્યા લોક ચગડોળે. ચખાડયો સ્વાદ તેં ભારી.
ગીતામાં તો પડી વળગી, ખરે ગુણ હીણુ ગોઝારી;
સડાવી કાળજા દીધાં, અરે સઉ કો પીનારાનાં,
દયા દેવી કરી દુર થા. હવે તું હીન્દમાંથી જા.
નીચ ઉંચ નાના ને મોટા, રીચ કે રંક સર્વેને,

ચતુરાઇથી પડી ચોટી, બનાવ્યું વીશ્વ વ્યસની તેં;
ઉશડી સુસ્તી તેં સઉની, કરી જખમી જીગરમાં ઘા,
પીડાં તારાં થયાં જ્યાં ત્યાં, હવે તું હીન્દમાંથી જા.
હળાહળ ઝેર છે તુજમાં, ગુણો તારા ઘણા રાશી,
ખુવારી ખુબ કીધી તેં, ગયા તુજથી હવે ત્રાશી;
રહ્યું ના ખુન કાયામાં, હવે તો હાડ માંસને ખા,
પોકારી કહે છે પીનારા, હવે તું હીન્દમાંથી જા.
વડીલ વૃધ્ધો અમારા તો, ન તારો નામ પણ લેતા,
અમે હીણુ ભાગીઆ તુજ વીણુ, નથી ક્ષણવાર તો રહેતા;
પીધી તેથી પડ્યા મરવા, હજી સંતાપે શું કરવા,
નથી તારી હવે પરવા, હવે તું હીન્દમાંથી જા.
પ્રથમ તો ઉજળી પંડે, પછીથી અમને ઉકાળ્યા,
જહર અગ્ની કરી ઝાખી સુકોમળ કાળજાં બાળ્યાં;
ઉડાડી છેક તેં અદ્બા, કર્યા નીરમાલ્ય નામરદા,
ઘટાડ્યો તેંજ આવરદા, હવે તું હીન્દમાંથી જા.
તુજથી કંટાળી હારીને, કહે કવી રાવ કર જોડી;
કૃપા કરીને હે મહાકાળી, હમોને દે હવે છોડી;
અમો સાથે કરી નીકા, કર્યા ચહેરા ખરે ફીકા,
ટીપ્રીન લઇને કરી ટીકા, હવે તું હીન્દમાંથી જા.
(આ સાંભળી ચાએ પીનારને આપેલો જુવાબ-અપુર્ણ)

ગઝલ. સ્વદેશી સીગારેટની

(રાગ ધુમાડાના ગોટા જેવો.)

ચાલ—ક્યા ખીજા આઇ ચમનમેં શજર ગુલ જાતા રહા.

ઓ બે રહમ કુલટા બીડી, પુરેપુરી પીડી ગઇ.
છુટી ગઈ તેથી હવે, મુજને ઘણી શાન્તી થઈ;
કમ જાત તું તો ગઈ બળી, વળી સંગમાં બાળ્યો મને,
કોમળ હૃદય કાળું કર્યું, ધીક્કાર છે બીડી તને.
મોઝી મધુરી જાણીને; મેં મુરખે મુખમાં ધરી,
મારી ગણીને માની તો આખર દશા આ શી કરી !
તુજ માટ મેં માઠુ મનાવ્યું, ગુરૂ અને માબાપને,
તોપણ દગો અંત કર્યો, ધીક્કાર છે બીડી તને.
તેં ખુનની કીધી ખુવારી, કાળજુ કાળું કર્યું
નીરબળ કરી સહુ નાડીઓને, દેહનું દૈવત હર્યું;
બસ કસમ ખાઇ કહુંછું હવે. કોઈ દીવસ નહી રાખું કને,
હું વિદ્વાનને વાયલ કર્યો, ધીક્કાર છે બીડી તને.
પીતાં શું તો પીધી તને, હાવે ઘણો પસ્તાઉં છું,
સ્વપનેય સ્પરસજ તાહરો, નવ થાય એવું ચાહું છું;
જે જે પીએ તે તે જનો તો, બાવરા તુજ બીણ બને,
ઓ પાપીણી ગોઝારીણી, ધીક્કાર છે બીડી તને.

તુજ વીણ જાનીને બાવરો, ડેલી બજારે દોડતો,
તે આજ તુજ દરશન થતાં, પાતાળમાં પેસી જતો;
ઓ કાળમુખી કર્કશા! વળગી પડી તું! વીશ્વને
તેં કૃત્ય બહુ કાળાં કર્યાં ધીક્કાર છે બીડી! તને.
શા દોશ તારા વર્ણવું, તું નર્કથી પણ નષ્ટ છે,
તુજને પીનારા તે જનો સૌ ભ્રષ્ટથી પણ ભ્રષ્ટ છે;
તેં જખમ ઉધરમાં કરી, ઝટ આણી મેળવ્યુ મોતને,
અંતે નખાવ્યો નર્કમાં, ધીક્કાર છે બીડી તને.
કુવી રાવની વાંચી કવીતા. સમજુ જન સમજી ગયા,
બાયકોટ બીડીનો કરીને, શાણાઓ સુખીઆ થયા:
મેં તો તજી દીધી તને, તેમ તુય પણ તજને મને,
કોટાન કોટી વાર છે ધીક્કાર ઓ બીડી તને.

(રાવ કવી.)

(આ સાંભળીને બીડીએ પીનારને આપેલા જુવાબ.)

આ સાંભળી બીડી કહે, ઓ બે કદર આ શું લવો,
ઉલ્લુ બન્યા હાથે કરી, હાવે શું ડા'પણ દાખવો;
ગમ નોંતી કેમ ગમાર શું, જખ મારવા પીધી મને,
હું બીડી બીચારી શું કરૂં, ધીક્કાર છે પીનારને.
વીદ્વાન થઇ વાયલ બન્યા, બુદ્ધિ તમારી ગઇ બળી,
અક્કલ તણા ઉદધી હતા તો, કેમ ના મુજને કળી;

પાગલ હવે પસ્તાવ છો તો, વ્હાલ છો શાને મને,
હું કીડી બીચારી શું કરૂં, ધીક્કાર છે પીનારને.
પીનાર જઇ નર્કે પડ્યા, હું તો વસી રહી વીશ્વમાં,
જગ અંધ થઇ વળગ્યું મને, મારે નથી કોઇની તમા;
જન કૈકને વ્યાધી કરી, સમજાવું છું સંસારને,
પણ મરતા લગી મુકતા નથી, ધીક્કાર એ પીનારને.
મુકો કેડો મારો હવે ને, તમો પણ જાવો મરી,
ઉલટી વગોવઇ વીશ્વમાં, તમ નીચની સંગત કરી;
હેવા કુટા ને આંધળા થયાં, હજી શીદ રાખો કને,
મીથ્યા ફજેત કરો મને, ધીક્કાર છે પીનારને.
કુર્વો રાવ ને પણ કોઇક દહાડો, કાનમાં કહેતી જઈ,
કે છાપ્રે લખજો સર્વનાં, પણ મારૂં કંઈ લખશો નહી;
ગુણ દોશ મારા વર્ણવ્યા, ધન્યવાદ છે લખનારને,
ધીક્કાર વાર હજાર છે, પીનારને પાનારને.

(કુંડળીયા-શીખામણ)

ટીમરી ને ઝીઝી તણાં, ઝાડ તણાં જે પાન
તે પાનાની બીડીઓ, પીધે થાય ઉધાન
પીધે થાય ઉધાન, વ્યાધીમાં કરે વધારો
કારણકે તેમાંય પડે, પાપડીઓ ખારો

એ ખાર પાયેલી બીડીઓ, પીધે પીડા પામશો;
રાવ ફરવી સાચું કહે, તમે જમપુરમાં વેલા જશો.

વીદ્વાન પાસે વાંચી બતાવશો તો જરૂર કહેશે કે

વાહ! ભાઈ વાહ!

ડ્રાપ સીન ૨—કુકડની ફીલમ

કંપેનીયન્સની કોમીક વાતચીત.

ફ્રેન્ડ— કેમ મીસ્ટર ફેન્સી, આજે આપે કોનાં મુંવાળાં ઉતરાવ્યાં છે, ઘરમાંથી ડોસા ડોશી ગયાં કે શું?

ફેન્સી— નાજી મીસ્ટર, મારાં તો ફાધર ને મધર બન્ને હાલ હયાત છે.

ફ્રેન્ડ— ત્યારે તમે અડધી મુછો ઉતરાવી નાંખી છે શા માટે? તમારા ચેરા સામું જોઈને મને તો એમ ભાસ્યું કે મીસ્ટર ફેન્સીના ઘરમાંથી કોઈ અડધી સગાઈનું સગું ગુજરી ગયું હશે.

ફેન્સી— ના, ના, યાર, આ તો આજકાલનો ફેશન છે.

લોકોની દેખાદેખ અમે પણ શીખ્યા. ઓ મીસ્ટર હું તો પહેલાં એક ઉલ્લુ જેવો માણસ હતો અને ગામડામાં પડી રહેતો પણ એક દીવસ હું શહેરમાં આવ્યો ત્યારથી મારે ને ફેશનને હોટલમાં ઓળખાણ થયું. ત્યાંથી ફેશન મને તુરતજ હેર કટીન્ગ સલુનમાં લઇ ગઈ અને ત્યાં મારે માથે અને મોંઢે ફરી વળી

ફ્રેન્ડ--| ભાઇ આ તો ઠીક નથી દેખાતું આ સીનેમેટોગ્રાફમાં ચેપલીન આવે છે એની સીકલ સાથે આપની સીકલ મળી રહે છે

ફેન્સી--- મીસ્ટર હું ફેશનના પગથીએ કેવી રીતે ચડયો તે જરા ચીત દઇને સાંભળો.

ફેન્સી સાંન્ગ ઉર્ફે હાફકાસ્ટ કવીતા.

(રાગ--એમના મોં જેવો.)

ભુત હતો હું ભુતકાળમાં વર્તમાનમાં આવ્યું ભાન
નાઉ અનધર થીન્ગ્સ આઇડોન્ટવૉન્ટ બટ ચાહુ ચાય ચીરૂટને પાન
ભુલી ગયો બધી નેટીવ ભાષા હવે શીખ્યોછું હું ઓલરેટ
ગમાર હું એક ગામડીઓ તે આજ કાલ થયો અપટુડેટ
હેરકટીન્ગ સલુનમાં જઇને: ફેશનએબલ કરતો ફેઇસ
બાડી પર બુરખો નંખાવી વળતી કટીન્ગ કરાવું ફેસ

મોં પર અરધી મુછ રખાવું ને પાઘડી બદલે પહેરૂં હેટ
સમ ટાઇમ્સએગો હતો ઉલ્લુ, જસ્ટનાઉ આઇએમ અપટુડેટ
કોટ પાટલુન ને કોલર પહેરૂં ને સાથે બાંધું નેકટાઈ
આઈઝ ઉપર પાટા પેબલના રાત ને દહાડો દેઉ લગાઇ
નાઉ મી નો કેર ન્યાત જાતની પેરન્ટસ બલેને કુટે પેટ
આઇ વોઝ વન ઉલ્લુ ગામડીઆ બટનાઉ આઇએમ અપટુડેટ
ધર્મ કર્મ ને ધંધો ધારીએ સઘળુ મારે યુઝલેસ
ટીફીન પાણી ટીન્ચર ને ટીનો ટાઇમે ટાઈમ કરૂં હું ટેસ
વળી નેટીવ બીડીઓ ગણી નકામી હવે પીઉ સીગર સીગરેટ
ગમાર હું એક ગામડીઓ તે હવે થયો હું અપટુડેટ
ફાધર સેઇઝ મી સ્ટુપીડ ફેલો મધર કહે છે મુવો રહયો
યુઝલેસ અકરમી આવો પથ્થર તે શીદ પેટ પડયો
ઘરમાં ધાણીઆણી ધમકાવે તોબી બાદા રહે છે ટેટ
આજ સુધી ખચ્ચરમાં ખપીઓ થયો અત્યારે અપટુડેટ
ફરીવળી છે મુજપર ફેશન પોઝીશનનું ચઢીયું પુર
હાથે કરીને બન્યો હું ઉલ્લુ, નથી હવે આ મોંપર નુર
વોટ મીન્સ છે વટાળ જગમાં આઈ ડોન્ટ નો આબડફેટ
હીન્દુ મટી હાફકાસ્ટ થઇને, બન્યો અત્યારે અપટુડેટ
આ—ફેસન એબલ ફેમસિના હીબે જોકરના જેવો દેખાઉ
સ્વધર્મ પર પુળો સળગાવી માયસેલ્ફ હું માર્ગો જાઉ.
જાહેર થયો હું હવે જગતમાં આજ સુધી ચાલ્યું પ્રાઇવેટ
પુર્ણ ફસાવાથી ફેશનમાં બની ગયો હું અપટુડેટ.

ફ્રેન્ડ— આપનું કહેવું ખરૂં છે, પણ મરદનું નુર એક મુચ્છજ છે. વળી જો આપને ન ગમતી હોય તો સપુચી કઢાવી નાંખો કાં તો આખી રહેવા દો જુવો રાવ કવીએ ખુબીના ખજાનાની બુકમાં લખ્યું છે કે:—

(દોહરો)

મુછ વડે મરદો તણું. સીન સરસ દેખાય,
મુખ પર મુછ ન હોય તો. વ્યંઢળમાં લેખાય;
સાધારણ મુછ હોય તો, બડ મુચ્છીઆમાં ગણાય.
પણ અડધી મુછનો આદમી, તેને શું કહેવાય?

ફ્રેન્સી— કેમ શું કહેવાય? શું તે એમ-ઓ-એન-કે-ઇ-વાય મંકી એટલે માંકડો કહેવાય.

ફ્રેન્ડ— જુવો; તમોએ તમારે હાથેજ તમારો કેવો તોલ બાંધ્યો? અને આટલું કહે હજુ સંતોષ ના પામ્યા હો તો **ખુબીનો ખજાનો ઉર્ફે ચાલુ જમાનાનો ચીતાર** એ નામનું પુસ્તક મંગાવો ને તમારા સુકોમળ હૃદયને રંગાવો; લ્યો સાહેબજી. (યેસ ગુડ મોરનીંગ)

(રાવ કવી.)

ડ્રોપ સીન ૩.

દારૂડીઆને મરતી વખતે તેની સ્ત્રીએ રૂબરૂમાં કરેલું રૂદન.

(કવાલી—મરફ જેવી—રાગ આઇસક્રીમનો)

તમારા ગુણની ગજલો, હવે હું ગાઇ સંભળાવું;
ખરા ઉદગાર અંતરના, મધુર રાગે રડી ગાઉં.
મરતાં સુધી એ મુખમાંથી, મધુ સુકાવા ના દીધો;
છેવટ જીવ જતાં સુધીમાં, પીવાયે તેટલો પીધો.
ગંગા જળનાજ બદલામાં બર્યું તમે દારૂથી ડાચું;
ગળ્યો નહીં દેહ દારૂમાં, રહી ગયું એટલું કાચું,
વધેલો બાન્ડન સીસામાં, કહે છે ખુબ ગભરાઈ;
પીનારા તો ગયા નર્કે, માનીતો થઇશ ક્યાં જાઇ.

[ઓ મારા અક્કલના કંકોતરા પતી તમારાં શાં શાં વખાણ કરૂં ?]

અરેરે—નાથ !

પડયાને પાથર્યા રહેતા, પીયુજી આપ પીઠામાં;
પીતા પેશાબ ત્યાં જઇને વળી પાત્રો અજીઠામાં.

એ સીંસાને કોઠીયા તમ વીણુ, હવે સુકઈ જશે સ્વામી;
ન લઈ ગયા છાતીએ બાંધી, કરીશું એટલી ખામી.
પીયુ મુજ વાકય આ છેલું, કહું તે ધ્યાનમાં ધરજો;
કલાલણ પેટે કે કાંતો, કસઇને ઘેર અવતરજો.
ભળો જો ભુત અવનીમાં તો જઇ પીઠામા ભટકાજો;
વીચરો કદી વૃક્ષ યોનીમાં, તો ઝાડ મહુડા તણું થાજો.
વળી વધુમાં–ગજબને હાયનાં ગાડાં, તમારા પુન્યમાં આપ્યાં;
દાન બહુ ચાયનાં દઇને, તમારા નામપર સ્થાપ્યાં.
વળી–સીગારેટોને સળીઓથી, તમારી સજાઓ ભરશું.
તમારો સવડ ને સાધન તમો પછવાડે વાપરશું.
કશું રહી જાય જો બાકી, તો આવી સ્વપ્નમાં કહેજો;
આ ઘરની હોય ઇચ્છા તો, સુખે સંડાસમાં રહેજો.
તમારી લાશ આ જ્યારે, ચીતા વિશેજ ચરચરશે;
નીકળતાં ગંધ દારૂની, બાળનારાઓ કળકળશે.
સજામાં સીસો ચપણું ને, તમારો છે જુનો જોડો;
તમારે વાટનું ભાથું, મુકયો મણ એક રાખોડો.
અરેરે–સોડા લેમન અને જંજીર તમોને કોણ ત્યાં પાશે.
આવો વહાલા કદી વેસ્યા વીના ત્યાં કોણુ કર સ્હાશે;
નથી ત્યાં રંડીના માળા ઉમ્બાળા ક્યાં તમે ભરશો,
દાંડીઆ દોસ્તો વીણુ પ્યારા અકેલા શી રીતે ફરશો.

તમોને બાળવા ડાઘુમાં પણ દારુડીઆ જોઇએ,
તમો વીણ કુટુંબમાં પ્યારા નથી પીતું ખોતું કોઇએ;
અવળચંડા ને હત્યારા એકેલા આપ જન્મ્યાતા,
સોનાના સુર્ય તો આજે ઉગ્યા વહાલા તમો જાતાં.
માગણી એક આ મારી સ્વીકારીને પ્રાંત પળશો.
સાત ભવ સ્વામીજી મુજને, તમે ફરી વાર નવ મળશો.
તમો તો દારૂમાં ડુલ્યા મને ડુબાવી દુઃખોમાં,
ઘરેણાં ને વળી ગાંઠા ગયાં પીઠામાં ને સ્હામાં.
તમારા બાલોની ઠીલે કલાલો પોકો મુકે છે.
વળી બહુ હોટલોવાળા ભય લોકોમાં ભુકે છે;
તમારી બુદ્ધિનાં બણગાં બજારે દોસ્તો ફુંકે છે,
વેશ્યાઓ તો વળી ટોળે તમારાં છાજીયાં લે છે.

આ– તમારા નામના ચુડો તમો પખવાડે ફોડયો છે.
જાવો ચંદ્રા દીવાકર તક હવે સંબંધ છોડયો છે:
સાતે ભવમાંય સ્વામીજી કદી સામાંએ નવ મળજો,
જન્મે જાનમની ખાડીમાં કે તળીયત સ્હાય ત્યાં ટળજો.

અરે–એક દીન કવી રાવે કહ્યું તું તમને કર જોડી.
તે આજે આગળે આવ્યું ચાલ્યા ચોળાવી રાખોડી;
સૌજો સઉ સાંભળી શાણા હવે છે ટાઇમ છેલ્લો આ.
પછી નહી મુજથી કહેવાયે સગાં સઉ એકઠાં થાતાં.

હે નાથ—તમારી અકકલ ને સીકલ તણું જગમાં નથી જોડું,
વધુ કહેતી નથી વહાલા ઘણું માનો કહ્યું થોડું;
કાળજુ તો કુટી બાળ્યું ચડસ ચાંડુલની ચલમે;
અધુરૂં તે થયું પુરૂં ચઢયા કવી રાવની કલમે,
તમારી શોભીતી સજા કેવા વીપ્રો તે લઈ જાશે,
હકીકત સર્વ તે હાવે ભાગ બીજામાં વંચાશે.

આ સાંભળી દારૂડીઓ મરી જાય છે;
કવાલી પુરી થાય છે કે ઝટ પડદો પડે છે.

સવાલ—ભાઈ, આવો ખેલ કયા થીએટરમાં થાય છે?

જવાબ- સ્થીર રદય રૂપી થીએટરે. તત્વ તણું કર્યું તેજ.
પડદા બાંધ્યા પ્રેમના, વીંગો ગણી વીવેક;
પાત્રો પુરૂષારથ તણાં, ડ્રેસ દયા ઉદ્યોગ,
અંક ભુત વર્તમાનને, ભવીષ્યથી સંજોગ;
પ્રવેશ પળમાં જે બને, સાજ શત્રુ ને મીત્ર,
માલીક માનો મુક્તીને, ઉપજ ચીત્ત પવીત્ર.

(રાવ કવી.)

જુવો આ નવો જમાનો.

રંડી માગે રૂપૈઆ, તો કહે લે લે મેરી મૈયા;
અને—ફકીર માગે પૈસા, તો કહે ચલબે સાલે કેસા.

સટોરીઆની સ્ત્રીએ ધણીની રૂબરૂમાં કરેલો કોમીક રાજીઓ.

(રાગ તેજ મંદીનો.)

છેક તે ઉછાંછળા શું થાવ છો રે, બનો છાકીને છેલ;
સ્વામી થયા તમે સટોરીઆ, જાણું ભોગવશો જેલ.
હાથનાં કર્યાં તે હૈયે વાગશે.
કહ્યું માનો ને મારા કંથજીરે, નથી સટ્ટામાં સાર;
મીલકત વીશે તો પુળો મુકશો વળી ખોશો ઘરને બાર. હાથનાં.
બીઅરથી લાવેલું પાણી કર્યું રે, વળી થયા કરજદાર;
સગાં વહાલાં સર્વને શત્રુ કર્યાં, માથે સરકારનો માર. હાથનાં.
ફુટીયાં ખાવાને નિત્ય જાવછોરે, પડી તમને એ ટેવ;
ઘરની રસોઇઓ ગમતી નથી, ફાકો મમરાંને શેવ. હાથનાં.
સવાર થયું કે સ્વામી તમેરે, જાવ હોટલની માંય
શીંગલને ડબલ સોડ્કારતા, તેથી ચઢી બેઠી જુવો ચાય. હાથનાં.
હાથે પગેથી હળવી કરી રે, મેલી ખાધો સઉ માલ;
આગળ ઉપર વીતશે અતી તમારી ખેંચાશે ખાલ. હાથનાં.
મરજો માબાપો માહરાં રે, કીધું અણુઘટતું કામ;
જમાઈ આવો જુગટીઓ કયાંથી જડયો, કુંકી ખાધું તમામ. હાથનાં.
સ્વામી જેનો થયો સટોરીઓરે. તેની નારીને ત્રાસ;
સંસાર વહેવાર સઘળો તજી, વેઠવો પડે વનવાસ. હાથનાં.

રાવ કવીનો રચેલો રાજીઓરે, તમારી રૂબરૂ ગવાય;
આજ પછી જો સટ્ટો કરશો તો તમને કોલેરા થાય. હાથનાં.

સ્વામીનાથ સાંભળ્યો આ ગજલ અને આથી જો મનને શીખામણ ના લાગી હોય તો 'જુળીનો ખજાનો ઉર્ફે ચાલુ જમાનાનો ચીતાર" એ નામનું પુસ્તક મંગાવો અને તે વાંચીને કુટેવો છોડી દો. વળી જુવો જરા ગાયન બીજુ સાંભળો;

જુગારીને ઝાડુ.

(ગાયન ગજબનું ને રાગ હાય હાયનો.)

અરે ઓ સટ્ટાના શોખીન, તમારો કેમ ઉઠ્યો છે દીન,
બન્યા શું જુગારમાં બહુલીન, તમોને વળગ્યો જીવતો જીન.
ગામ ગરાસ ઘરેણાં ગાંઠાં, ગુમાવશો ઘર બાર,
ઈજ્જત ખોશો અરે ઉલ્લુઓ, સજા દેશે સરકાર,
અકરમી રહેશો પર આધીન; તમારો૦
સગાં સહોદર અને કુટુમ્બી, દેશે સઉ ફીટકાર,
તરણાથી પણ તુચ્છ ગણાશો, નહીં આવે વહેવાર,
આખરે મરશો ખાઈ અફીન; તમારો૦
ભીખ માગતા થાશો ભુંન્ડો, નહીં રહે રહેવા ઠામ.
દાવાનળ દુઃખ આવી પડશે, વળી રૂઠશે રામ,
વેચાશો દમડાના દો તીન; તમારો૦
લોકો સરવે લોફર કહેશે, રાખશે નહીં ઇતબાર.

રાવ કવી કહે ભવીષ્યમાં પણ, પામશો બહુ પેંજાર,
માનો એ મુરખ મન મલીન   તમારૂં૦

નડીઆદમાં વાળંદોએ હજામતો બંધ કરી એજ પુસ્તક નામે

ખુબીનો ખજાનો

ઉર્ફે

ચાલુ જમાનાનો ચીતાર ભાગ—૧

કીંમત. કાચું પુઠું રૂ. ૧ા. ને પાકું રૂ. ૧ાા

વાંચો વીધ વીધ જાતનાં, પુસ્તક અપરમપાર;
પણ જોતાં ઝટ રાજી થશો, આ ગમ્મતનો ભંડાર.

સદા પરોપકારી અને ગુણગ્રાહી ભારતવાસી સજ્જનો તમોએ ઘણાંએ પુસ્તકો વાંચ્યાં હશે. પરંતુ જ્યાં સુધી આ ખુબીનો ખજાનો જોયો નથી ત્યાં સુધી બધું વ્યર્થ જ છે. જેમાં ગદ્ય, પદ્ય ગજલો. ફકરા, ફેન્સી કવીતાઓ. ટોનીક વાર્તાઓ. કોમીક. કવાલીયો અને ચાલુ જમાનાનો આબેહુબ ચિતાર વળી દરેક ન્યાતની દેશી વાળી રમુજી ફીલમો વીગેરે ગમ્મતનાં ગાડે ગાડાં ઠાલવીને ખજાનો ખુબીથી તર કરેલો છે વળી પુસ્તક ખરીદનારનું પવીત્ર નામ બીજા ભાગમાં આશ્રયદાતા તરીકે પ્રસીદ્ધ કરવામાં આવશે. તો પુસ્તક ખરીદનાર ગ્રહસ્થોએ પોતાનું પુરેપુરૂં નામ. ઠામ, ગામ વીગેરે ચોકસ લખી મોકલવું.

અમારૂં સરનામું —

કોમીક પોયટ ઉર્ફે એ. પાં. રાવ કવી.

નડીઆદવાળા હાલ મુકામ કાલોલ જીલ્લે પંચમહાલ.

(સ્ત્રીઓનાં ગુપ્ત દરદોનો કટ્ટો દુશ્મન)

વસુધા પીલ્સ.

ગોળી ડઝન ૧ ની કીમ્મત રૂ૦ ૧॥

આ વસુધા પીલ્સ સ્ત્રીએ છુપી જગાએ પહેરવાથી લોહી વા તથા ધોળુ અને સફેદ પાણીનું પડવું તથા મળ ગુગળુ ધાતુનું જવું વીગેરે છુપી જગોની તમામ ગરમી એટલે વીસફોટીક, ચાંદી અથવા પેશાબે બળતરા બળવી તથા કમરનું ફાટવું વીગેરે તમામ દરદોને આ વસુધા પીલ્સ ટુંક મુદતમાં આરામ કરેછે વળી નરમને લબડી પડેલી ચામડીને સંકોચીને કઠણ અને સુંવાળી બનાવે છે અને સંસાર સુખ ભોગની પુરી મજા બતાવે છે આ ગોળી રોગી અને નીરોગી બન્નેના ઉપયોગમાં આવે છે. વાપરવાની રીતનું હેન્ડબીલ દવા સાથે મોકલવામાં આવશે. માટે એક વાર મંગાવીને ખાત્રી કરો.

લખો.

જનરલ એજન્ટ—રાવ કત્રીની કુંપની–મુ. કાલોલ.

જીલ્લે પંચમહાલ.

વાંચો વાંચો અને વિચાર કરો.

ખાસ હરસ, મસા તથા આંખના

ડાક્ટર.

હરસ, મસા, તથા આંખના દરદીઓને ખુશ ખબર આપવામાં આવે છે. કે ગમે તેટલા વરસના જુના તથા દુઝતા હરસ તથા મોતીઆં, ફુલ, છારી, પડળ ગરમી વગેરે દરદોથી રદ થએલી આંખોને સહસ્ત્ર ક્રીયા કર્યા શીવાય માત્ર એકલી વનસ્પતીની જડો ચોપડીને વગર દાઝાએ ફક્ત એકજ અઠવાડીઆમાં આરામ કરી આપીશું. વળી કોઇ ગ્રહસ્થોને અમારે દવાખાને આવવાની ઇચ્છા ન હોય તો પત્ર લખી બોલાવવાથી અમો જાતે આવીશું. વળી ગુજરાત પંચમહાલ તથા ઉત્તર મધ્ય હીન્દુસ્તાનના ઘણા ભાગોમાં અનુભવ મેળવીને આવેલા,

ડોકટર. રતનલાલ ભોલાઇલાલ.

ઠે. ઝાકણીવાળા પંડ્યા મોતીલાલ કૃષ્ણારામના હવેલામાં.

મુ. ડાકોર.